Vol. 1, Issue:5, August 2013
(IJRSML) ISSN: 2321 - 2853

# મહિલા વિકાસ માટેની રોજગારલક્ષી યોજનાઓ

પ્રો.પ્રિયંકાબેન જી. સોલંકી
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ અને
શેઠ સી.એન.કોમર્સ કોલેજ, વિસનગર

## ૧. પ્રસ્તાવના

કોઈપણ દેશના આર્થિક વિકાસમાં સ્ત્રીઓનો અગત્યનો ફાળો હોય છે.સ્ત્રીઓની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતા કોઈપણ પુરુષ કરતા ઓછી નથી આ સત્ય સર્વવિદિત છે.રાષ્ટ્રનું નિર્માણ કરવામાં સ્ત્રીઓ પોતાનું અનન્ય યોગદાન આપી શકે તેમ છે. વળી, ગ્રામીણ અર્થવ્યવસ્થાવાળા દેશમાં ગ્રામીણ સ્ત્રીઓ અને દેશના આર્થિક વિકાસ વચ્ચે સીધો સંબંધ રહેલો છે.

આપણા દેશમાં સ્ત્રીઓને દેવી તરીકે પૂજવામાં આવે છે પરંતુ, હકીકતમાં સ્ત્રીઓના અધિકારો અને હક્ક જોઈએ તેટલા તેમને હજુ પણ મળી શક્યા નથી.વર્ષ ૨૦૦૧ ની ગણતરી પ્રમાણે સમગ્ર ભારતમાં કુલ કામદારોનું પ્રમાણ ૩૯.૧૦ ટકા હતું. જેમાં પુરુષોનું પ્રમાણ ૬૮.૩૪ ટકા અને સ્ત્રીઓનું ૩૧.૬૬ ટકા હતું. મુખ્ય કામદારોમાં પુરુષોનું પ્રમાણ ૭૬.૬૫ ટકા અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૩.૩૫ ટકા હતું.જયારે સીમાંત કામદારોમાં પુરુષોનું પ્રમાણ ૩૯.૦૭ ટકા અને સતીઓનું પ્રમાણ ૬૦.૯૩ ટકા જેટલું હતું. ટૂંકમાં એમ કહી શકાય કે સમગ્ર ભારતમાં સીમાંત કામદારોમાં પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું.

ભારતમાં વસ્તીનું પ્રમાણ ખુબ વધુ છે આથી રોજગરી માંગનારાઓની સંખ્યા પણ વિશેષ છે. ભારતની પ્રત્યેક પંચવર્ષીય યોજનાઓમાં રોજગારી સર્જનનો ઉદ્દેશ રાખવામાં આવેલો છે.તે ઉદ્દેશને પરિપૂર્ણ કરવા અર્થતંત્રના પ્રત્યેક વિભાગોમાં રોજગારલક્ષી વ્યૂહરચના અપનાવી છે.ભારતમાં ગ્રામીણક્ષેત્રે સ્ત્રીઓના વિકાસ માટે ઘણાંબધા કાર્યક્રમો અને યોજનાઓ બનાવવામાં આવી છે.આ સમયે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

## ૨. મહિલા વિકાસની યોજનાઓ

### *૨.૧. ટ્રાયસેમ યોજના*

ગ્રામીણ ક્ષેત્રોમાં યુવાનવર્ગની બેરોજગારી દુર કરવા માટે સ્વરોજગારી ના હેતુથી તાલીમ પૂરી પાડવા માટે “Training Rural Youth For Self Employment”(TRYSEM) નામની યોજના ૧૫ ઓગષ્ટ ૧૯૭૯ ના રોજ શરૂ કરવામાં આવી હતી.આ યોજના એ સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમનું સહાયક અંગ છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગરીબીરેખા નીચેના પરિવારોના ૧૮ થી ૩૫ વર્ષની વયજૂથના ગ્રામીણ યુવક યુવતીઓને ટેકનીકલ તેમજ ઉદ્યોગની કુશળતા આપીને સ્વરોજગારી માટે પ્રેરિત કરવાનો હતો.યુવક યુવતીઓને તાલીમ સાથે શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી.બેંકલોન પણ આપવામાં આવતી જેથી તેઓ સ્વરોજગારી મેળવી શકે.આ યોજનાને ૧ એપ્રિલ ૧૯૯૯ થી સુવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજનામાં વિલીનીકરણ કરી દેવામાં આવી.

### *૨.૨. ડવાકરા યોજના*

૧૯૮૨-૮૩ ના વર્ષમાં ભારત સરકાર દ્વારા દેશના ૫૦ જીલ્લાઓ તથા રાજસ્થાનના ૪ જિલ્લાઓમાં ડવાકરા (Devlopment of Women and Children Of Rural Areas) નામની યોજના શરૂ કરવામાં આવી હતી.આ યોજના ગરીબી રેખા નીચે જીવન જીવતા પરિવારોની ૧૮ થી ૩૫ વર્ષની વયજૂથ ધરાવતી ગ્રામીણ મહિલાઓના લાભ માટેની છે.જેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

- ગ્રામીણ મહિલાઓની આવકમાં વધારો કરવો.
- સ્ત્રી સક્ષમ બને તે માટે તેને શોષણમાંથી મુક્ત કરવાના પ્રયાસો કરવા.
- વધેલી આવકથી બાળક અને માતાના પોષક આહારમાં સુધારો કરવો અને સામાન્ય જીવન ધોરણ ઊંચુ લાવવું.

- ગ્રામીણ મહિલાઓમાંથી ૧૦ થી ૧૫ મહિલાઓના જૂથ બનાવી તેમની આવકમાં વધારો કરવો.
- કામના સ્થળે બાળકોની દેખરેખ અને સુરક્ષા માટે સુવિધાઓનું આયોજન કરવું.
- આ યોજનાનું ૧ એપ્રિલ ૧૯૯૯ થી એસ.જી.એસ.વાય.માં રૂપાંતરિત કરી દેવામાં આવ્યું છે.

*૨.૩. સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ*

આ કાર્યક્રમ ૧૯૭૮-૭૯ શરૂઆતમાં ૧૬ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યો હતો. ૧૯૭૮-૭૯ માં દેશના ૨૩૦ વિકાસ ખંડોમાં અને ૨ ઓક્ટોબર ૧૯૮૦ માં સમગ્ર દેશમાં આ કાર્યક્રમને વિસ્તારવામાં આવ્યો. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ નીચી આવક ધરાવતા ગ્રામીણ ગરીબ કુટુંબોને ગરીબીરેખાથી ઉપર લાવવા માટે તેઓની આવક વૃધ્ધી થાય તેવા પ્રયાસો કરવાનો હતો.આ યોજનાની ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ કાર્યક્રમના લાભાર્થીઓ પૈકી ૪૦ ટકા મહિલાઓ છે.૧ એપ્રિલ ૧૯૯૯ થી આ યોજનાને એસ.જી.એસ.વાય.માં ભેળવી દેવામાં આવી છે.

*૨.૪. જવાહર રોજગાર યોજના*

એપ્રિલ ૧૯૮૯ માં સરકારે આ યોજના અમલમાં મૂકી હતી.આ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારના ગરીબોને લાભ આપવાનો ઉદ્દેશ રખાયો હતો. ગરીબીરેખા હેઠળના કુટુંબોમાંથી એક સભ્યને તેમના રહેઠાણના નજીકના સ્થળે વર્ષ દરમિયાન ૫૦ થી ૧૦૦ દિવસો માટે રોજગારી આપવાનો હેતુ રખાયો હતો.આ યોજના હેઠળ રોજગારી સર્જનની ૩૦ ટકા તકોનો લાભ સ્ત્રીઓને આપવામાં આવ્યો હતો.આ યોજનાનો અમલ ગ્રામ પંચાયત દ્વારા થશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી.આ યોજના હેઠળ ૨૦૦૨-૦૩ માં ૨૦.૧ કરોડ માનવદિન રોજગારીનું સર્જન કરવામાં આવ્યું છે.

*૨.૫. સ્ટેપ*

મહિલાઓને તાલીમ અને રોજગાર કાર્યક્રમોમાં મદદ કરવાના હેતુથી સ્ટેપ નામનો કાર્યક્રમ ૧૯૮૭ માં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ ગરીબ અને સંપત્તિ વગરની મહિલાઓના કૌશલ્યો વિકસાવવા,તેઓને જાગૃત કરવા તેમજ સંગઠિત કરવા અને વ્યવસાયિક ક્ષેત્રો જેવા કે ખેતી પશુપાલન,ડેરી ઉદ્યોગ,મત્સ્ય ઉદ્યોગ,હાથ ચરખો,રેશમ ઉત્પાદન વગેરેમાં તેઓને સતત રોજગારી મળે તેવા પ્રયાસો કરવાનો છે.આ કાર્યક્રમ શરૂ થવાથી દેશમાં લગભગ ૨.૬૦ લાખ મહિલાઓને લાભ પ્રાપ્ત થયો છે.આ યોજના અંતર્ગત લગભગ ૬,૫૫,૨૨૨ મહિલાઓને સામેલ કરવામાં આવી છે.જેમાં ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલી મહિલાઓને સૌથી વધુ સહાયતા પ્રાપ્ત થઇ છે.

*૨.૬. બાલિકા સમૃદ્ધિ યોજના*

આ યોજના ૨ ઓક્ટોબર ૧૯૯૭ ના રોજ શરૂ કરવામાં આવી હતી.જે અંતર્ગત બાલીકાઓની સમગ્ર સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે.આ યોજનામાં ભારત સરકાર દ્વારા ગરીબીરેખા નીચેના પરિવારોમાં ૧૫ ઓગષ્ટ ૧૯૯૭ અથવા તેના પછી જન્મેલી બે બાલિકાઓને સમાવવામાં આવી છે.૧૯૯૭-૯૮ અને ૧૯૯૮-૯૯ દરમિયાન આ યોજનાને કેન્દ્રીય પ્લાન યોજનાના રૂપમાં કાર્યાન્વિત કરવામાં આવી હતી.આ યોજનામાં બાલિકાના નામનું ખાતું ખોલાવી ૫૦૦ રૂપિયાની રકમ જમા કરાવવામાં આવે છે.બાલિકાની સ્કૂલ જવાની શરૂઆત કરવાની સાથે ધોરણ ૧ થી ૧૦ સુધી ૩૦૦ રૂપિયા થી ૧૦૦૦ રૂપિયા સુધી છાત્રવૃત્તિ પ્રતિવર્ષ આપવામાં આવે છે.

*૨.૭. મહિલા સમૃધ્ધિ યોજના*

આ યોજનાનો પ્રારંભ ૨ ઓક્ટોબર ૧૯૯૩ માં કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ સ્ત્રીઓને બચત કરવા પ્રોત્સાહિત કરવાનો હતો.આ યોજનામાં ૧૮ વર્ષથી ઉપરની સ્ત્રીઓ માટે પોતાના ગામની પોસ્ટ ઓફિસમાં ઓછામાં ઓછા ૪ રૂપિયાથી પોતાનું બચત ખાતું ખોલાવી શકે છે.આ રકમને ખાતામાં એક વર્ષ સુધી રાખવી જરૂરી છે.

*૨.૮. ઇન્દિરા મહિલા યોજના*

આ યોજના ઓગષ્ટ ૧૯૯૫ માં અમલમાં મુકવામાં આવી હતી. તેના દ્વારા ગ્રામીણ અને શહેરી ક્ષેત્રની ગરીબી રેખા નીચે જીવન જીવતી મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબન પૂરું પડવાનો અને શક્તિશાળી બનાવવાનો ઉદ્દેશ રખાયો હતો કે જેથી તેઓ પોતાના અધિકારોની માંગણી પોતાના પરિવાર,સમાજ અને સરકાર સમક્ષ કરી શકે.

*૨.૯. ઇન્દિરા આવાસ યોજના*

આ યોજના ૧૯૮૫-૮૬ માં શરૂ કરવામાં આવી હતી.આ યોજનામાં ગ્રામ વિસ્તારના ગરીબી રેજ્હા નીચે જીવતા લક્ષ્યાંક જૂથના અનુસુચિત જતી,જન જતી,મુક્ત કરાયેલ વેઠિયા મજુરો તથા અન્ય લક્ષ્યાંક જૂથના લાભાર્થીઓનો સમાવેશ થાય છે.આ યોજના આવાસની યુનીટખર્ચ મર્યાદા ૪૦,૦૦૦ રૂપિયા છે.આ મકાનો ભૂકંપ પ્રતિરોધક હોય છે.આવા મકાનો માત્ર લાભાર્થીઓએ જ બાંધવાના હોય છે.આ મકાનો ઘરની મુખ્ય મહિલા સભ્યના નામે અથવા પતિ-પત્ની બંનેના સયુંકત નામે ફાળવવામાં આવે છે.

*૨.૧૦. રાષ્ટ્રીય મહિલા કોષ*

રાષ્ટ્રીય મહિલા કોષનું ગઠન સોસાયટી પંજીકરણ અધિનિયમ ૧૮૬૦ અંતર્ગત ૩૦ માર્ચ ૧૯૯૩ ના રોજ એક પંજીકૃત સોસાયટીના રૂપમાં કરવામાં આવ્યું હતું.તેની સ્થાપના ભારત સરકારના અને બળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવી છે.આ કોષને ૩૧ કરોડ રૂપિયાની મૂડી આ કાર્યક્રમને ચલાવવા માટે સોંપવામાં આવી. ૨૦૦૩-૦૪ માં આર.એમ.કે.ના માધ્યમથી ૩૨૭૬૫ મહિઅઓને લાભ અપાયો હતો.જે માટે ૨૫ કરોડ રૂપિયાની રાશીની ફાળવણી થઇ હતી.

*૨.૧૧. સ્વયં સિધ્ધ કાર્યક્રમ*

સ્ત્રીઓના વિકાસ અને સશક્તિકરણ માટેનો આ સંકલિત કાર્યક્રમ છે.જેમાં મહિલાઓને સ્વસહાય જૂથોમાં વહેંચવામાં આવે છે. તેમાં સેવાઓનું સંકલન અને નાના પાયે મૂડી ઉપલબ્ધ કરાવીને તેમજ નાણા ઉપક્રમોને પ્રોત્સાહન આપવામાં આવે છે.આ યોજનાનો લાંબાગાળાનો ધ્યેય એ છે કે મહિલાઓનો સમજીક અને આર્થિક એમ પૂર્ણ વિકાસ થાય.

*૨.૧૨. સ્વધાર કાર્યક્રમ*

કઠીન પરિસ્થિતિઓનો ભોગ બનેલી મહિલાઓના લાભ માટે કેન્દ્ર સરકારે ૨૦૦૧-૦૨ થી આ યોજના શરૂ કરી છે.આ યોજના હેઠળ ગરીબ વિધવા,જેને કોઈનો સહારો ના હોય તેવી મહિલાઓને તેમજ સામાજિક-આર્થિક નિસહાય મહિલાઓને આયોજનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.આ યોજનામાં આવી મહિલાઓને ભોજન,કપડા,રહેઠાણ,સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ,યોગ્ય સલાહ વગેરે પૂરું પાડવામાં આવે છે. ડીસેમ્બર ૨૦૦૪ સુધી આ યોજના માટે ૧.૨૪ કરોડ રૂપિયા સરકાર દ્વારા આપવામાં આવ્યા છે.

*૨.૧૩. સ્વશક્તિ પરિયોજના*

પૂર્વમાં ગ્રામીણ મહિલા વિકાસ અને સશક્તિકરણ પરિયોજનાના નામથી ઓળખાતી આ પરિયોજનાને ૧૮૬ કરોડ રૂપિયાની મૂડી સાથે ૫ વર્ષની સમય મર્યાદા માટે બિહાર,છતીસગઢ,ગુજરાત,હરિયાણા,ઝારખંડ,કર્ણાટક,મધ્યપ્રદેશ,અને ઉત્તરપ્રદેશમાં લાગુ કરવામાં આવી હતી.ગ્રામીણ મહિલાઓના વિકાસ માટેની આ યોજના વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય કૃષિવિકાસ કોશના સહયોગ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

*૨.૧૪. સ્વાવલંબન*

આ કાર્યક્રમ ૧૯૮૨-૮૩ માં શરૂ થયો હતો,ત્યારે તેનું નામ મહિલા આર્થિક કાર્યક્રમ એવું હતું જે નોર્વેની નોરાડ નામની સંસ્થાના સહયોગથી શરૂ કરવામાં આવ્યો હતો.